DFW GUJARATI SAMAJ
ESTABLISHED 1991

# ગુર્જરી

## March 2024



IN A WORLD OF COMPLEXITY
**WE SIMPLIFY INVESTING.**

spark@igniteinvestments.com | 214.259.2419

IGNITE INVESTMENTS



# Commercial Real Estate & Private Equity Investment Opportunities

ENCORE ENTERPRISES

## SAMPLE INVESTMENTS



MULTIFAMILY



DENTAL



MIXED-USE RETAIL

## ABOUT ENCORE

Founded in 1999, Encore Enterprises, Inc. is a research-driven commercial real estate investment company currently invested in multifamily, hospitality, mixed-use retail, office, and restaurants.



Ignite is the exclusive capital raising partner to Encore Enteprises, which has proven success in commercial real estate investing across strong secondary markets throughout the U.S.

DR. BHARAT SANGANI
Chairman & Founder | Encore Enterprises, Inc.

## THE ENCORE EDGE

- 20+ year proven track record
- Diverse opportunistic and value-add deals across real estate sectors, exhibiting low correlation to economic cycles
- Disciplined approach has historically generated positive returns while preserving capital during economic downturns*

*Past performance is not indicative of future returns.

# અનુક્રમણિકા


૧. સ્પોન્સર્સ લીસ્ટ....................................................૦૨

૨. પ્રમુખશ્રીનો સંદેશ ................................................૦૩

૩. સમાજ પબ્લીકેશન તથા જાહેરાતનો દર ........................૦૪

૪. કમીટી મેમ્બર્સ-૨૦૨૪ ............................................૦૫

૫. सुखी जीवन के मंत्र ................................................૦૬

૬. મોર્નીંગ વૉક કેવી રીતે કરશો ? ..................................૦૭

૭. દિવાલી ડીનર ૨૦૨૩ ...............................................૦૮

૮. સ્પોન્સર્સ એપ્રિશીયેશન ડીનર ૨૦૨૪ ..........................૦૯

૯. આજની વિડંબના ......................................................૧૦

૧૦. જ્યોત સે જ્યોત જલે ...............................................૧૧

૧૧. અપકમીંગ ઈવેન્ટસ .................................................૧૫

૧૨. જાણવા જેવું..............................................................૨૧

૧૩. બાળ વિભાગ - સ્વામી દયાનંદ સરસ્વતી .......................૨૫

૧૪. મહાસાગરની મહાસત્તા ભારતીય નૌસેના........................૨૮

૧૫. હવેની પેઢીના નસીબમાં આ નથી.................................૩૨

૧૬. ભારતીય ફિલ્મ જગતનો ઇતિહાસ................................૩૪

# Sponser's List


1. Encore Enterprise ....................Title-2
2. Telka Wireless .................... Title-3
3. Apple Bees .................... Title-4
4. Patel Law Group / Sonnyreena LLC ....................12
5. Chalak Mitra Group ....................13
6. Megh Technologies ....................14
7. Tara Energy....................16
8. Houston EB5....................17
9. The Grand Center ....................18
10. Nirvana Jewelers....................19
11. Gokul Ice Cream ....................20
12. Honest / Texas Wholesale....................22
13. Dripbar ....................23
14. Universal Green Group ....................24
15. Tech Rover / Niren Patel CPA LLC....................26
16. Travel King ....................27
17. Tilak Jewelers ....................30
18. Prosperity Bank....................31
20. Shital Balar....................33
21. RTI Snacks....................36
22. New York Life ....................37
23. The Malani Diamond Gallery....................38
24. India Bazaar....................39
25. Ponk Party....................40
26. Fossil Greek Liquor....................41
27. Aarti Jewelers / FOGAUSA ....................42
27. श्री Vimal's ....................43
28. Frog Roofing ....................44
29. Intuitive Cloud ....................45
30. Dallas Renal Group....................46
31. Bombay Sizzler ....................47
32. Africa Rooftop ....................48
33. Digital Shaadi Cinema & Photo....................49
34. Home with Loan / Omega Travel & Tours ....................50
35. Sure Stay / Bawarchi....................51
36. Guru Tax Pro ....................52
37. Godhwani Commercial / Gujarat Darpan ....................53
38. Abacus Insurance & Financial Service....................54
39. ICICI Bank....................55
40. Dallas Fine Wine & Spirit Shop ....................56

# પ્રમુખશ્રીનો સંદેશ

સર્વે ભાઈ-બંધુ અને આદરણીય વડીલોને મારા વંદન. નવ વર્ષ ૨૦૨૪ નવી આશા અને નવા સપનાં લઈને આવી ગયું છે.

ત્યારે...



એક બીજાને ગમતાં રહીએ,
કંઈ ખટકે તો ખમતાં રહીએ,
સંજોગો કેવા પણ સર્જાય,
થોડા થોડા નમતાં રહીએ,
સ્વાર્થી સાંકડા સંકુચિત ન રહેતા,
નદીના નીર થઈ વહેતા રહીએ,
વાત અંદર અંદર ન વાગોળતા,
એકમેકને કહેતાં રહીએ,
પડી ગાંઠના સરવાળા-બાદબાકી ન કરતાં,
મીઠાં સંબંધોના ગુણાકાર કરતાં રહીએ.

સમાજના માનનીય ટ્રસ્ટીગણે, જે ઉત્સાહ અને વિશ્વાસથી આપ સૌની સેવા અને આપણા સમાજને વિસ્તારવા મને મોકો આપ્યો છે તેથી ખુબ ખુબ આભારી છું.

ગુજરાતી માણસો તેના સમૃધ્ધ વારસા અને સાંસ્કૃતિક પરંપરાથી પ્રભાવિત છે. તહેવારો, લોકનૃત્ય, ગરબા, ભોજન અને જીવનશૈલી એ ગુજરાતીઓની મુખ્ય સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ બનાવે છે. આપણી આ ગૌરવવંતી શૈલી ને તનતોડ મહેનત તથા નવા કુશળ ટ્રસ્ટીના આશીર્વાદથી આગળ લઈ જવા તત્પર છુ. તમારા પ્રેમ, સહકાર અને સાથ તો મળશે જ એવી ખાતરી છે.

લેક ઉપર ઉત્તરાયણ હોય કે ભર ઉનાળામાં પીકનીક... હાસ્ય કલાકાર અને હાસ્ય નાટકો હોય કે લોકનૃત્યનો કાર્યક્રમ આપ સૌનો ભરપૂર સહકાર રહેશે અને પ્રોત્સાહન હશે એનો અંદાજ તો આવી જ ગયો છે. નવલી નવરાત્રીમાં લોક લાડીલા ગાયકો સાથે ગરબાની રમઝટ જામે કે દિવાળીમાં સાથે ભેગા ડીનર લઈએ... આપ સૌનો ઉત્સાહ મનમાં માતો નથી.

બસ... એજ મનગમતી પ્રવૃતિઓ, કાર્યક્રમો અને બીજુ ઘણુબધું લઈને આપની સમક્ષ આ રૂડું વર્ષ આવ્યું છે. મારૂં અને સમાજનું લક્ષ છે, સૌનો વિકાસ...

ખુબ ખુબ આભાર....
ભાવિન અમીન, કરૂણા અમીન

# D/FW Gujarati Samaj, Inc.

*A Non-Profit Organization*

429 Belle Grove,
Richardson, TX - 75080


# D/FW Gujarati Samaj Publication
# Gujarati Magazine

| | | |
|---|---|---|
| Advertising | Sudhir Parikh | 972-491-1818 |
| | Kiran Parekh | 469-371-6600 |
| | Saunak Desai | 214-641-7556 |

(This Gurjari is compiled by Saunakbhai Desai & Harsha Gandhi)

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## Advertising Rates

| | One Year | One Time (1 issue) |
|---|---|---|
| Full Page | $ 500 | $ 150 |
| Half Page | $ 300 | $ 100 |
| Center Page | $ 700 | $ 200 |

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## આપનું સરનામું બદલાયું છે ?

આપનું સરનામું બદલાયું હોય તો આપનું નવું સરનામું અમને તરત જ મોકલી આપશો. ગુર્જરી બલ્ક રેટથી રવાના કરવામાં આવે છે એટલે પોસ્ટ ખાતા તરફથી અંકો તમને 'ફોરવર્ડ' કરવામાં આવશે નહીં. આપ અથવા આપના સંબંધી કે મિત્ર સભ્ય હો છતાં ગુર્જરી ન મળતું હોય તો અમારો સંપર્ક સાધો જેથી વિના વિલંબે આપને ગુર્જરીના અંકો મળતા રહે. આ બાબત માટે આપનો સહકાર ઘણો અનિવાર્ય છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો :

**dfwgujaratisamaj@gmail.com**

**GUJARATI SAMAJ MEMBERSHIP**

**www.dfwgujaratisamaj.org**

# Committee Members 2024

## Executuve Committee

- Bhavin Amin (President)
- Arman Koladia (Vice President)
- Piyush Bhatt (Secretary)
- Hasmukh Navadia (Joint Secretary)
- Rakesh Patel (Treasurer)
- Naresh Chokshi (Joint Treasurer)
- Belaben Shah (Ec Committee)
- Shital Patel (Ec Committee)
- Rupal Chokshi (Ec Committee)
- Hitarth Trivedi (Ec Committee)
- Mansi Kothari (Ec Committee - Youth Forum Out Reach)
- Harsha Gandhi (Ec Committee - Senior Citizen Out Reach)
- Jaymin Kavaiya (Ec Committee - IT Lead)
- Jay Mehta (Ec Committee - IT Committee)
- Kamlesh Shukla (Ec Committee - IT Committee)

## Trustees

- Dr. Kiran Parekh (chief Trustee)
- Sudhir Parikh (Trustee)
- Ramanbhai Patel (Trustee)
- Harivadan Shah (Trustee)
- Nishendu Vasavada (Trustee)
- Upendra Vora (Trustee)
- Atman Raval (Trustee)
- Gaurang Pandya (Trustee)
- Saunak Desai (Trustee)
- Jigish Shah (Trustee)
- Hemal Doshi (Transition Trustee)

## Co-Op Members

- Mansi Taylor (Co-op Member)
- Rajesh Patel (Co-op Member)
- Pradip Amin (Co-op Member)
- Raj Chaudhari (Co-op Member)
- Vaibhav Sheth (Co-op Member)
- Shailesh Patel (Co-op Member)
- Shachin Mehta (Co-op Member)
- Parv Borikar (Co-op Member)
- Ravi Thakkar (Co-op Member)

## Advisory Board Members

- Dilipbhai Shah
- Rajendrabhai Vankawada
- Tino Patel
- Amit Rajpara

## Cultural Affairs Commitee

- Nirva Shah (Payal Dance Academy)
- Vandita Parikh (Nruthyashakti Dance Academy
- Induben Mangrola (Fogana)
- Belaben Vasavda (Fogana)

# सुखी जीवन के मंत्र

भोजन करके रात में, घूमें कदम हजार !
डाक्टर, ओझा, वैद्य का, लुट जाए व्यापार !

प्रातः काल फल रस लो, दुपहर लस्सी-छांस !
सदा रात में दूध पी, सभी रोग का नाश !

फल या मीठा खाइके, तुरत न पीजै नीर !
ये सब छोटी आंत में, बनते विषधर तीर !

लौकी का रस पीजिए, चोकर युक्त पिसान !
तुलसी, गुड, सेंधा नमक, हृदय रोग निदान !

भोजन करें धरती पर, अल्थी पल्थी मार !
चबा-चबा कर खाइए, वैद्य न झांकें द्वार !

सुबह खाइये कुवंर-सा, दुपहर यथा नरेश !
भोजन लीजै रात में, जैसे रंक सुरेश !

धनिया की पत्ती मसल, बूंद नैन में डार !
दुखती अँखियां ठीक हों, पल लागे दो-चार !

घूट-घूट पानी पियो, रह तनाव से दूर !
एसिडिटी, या मोटापा, होवें चकनाचूर !

प्रातः - दोपहर लीजिये, जब नियमित आहार !
तीस मिनट की नींद लो, रोग न आवें द्वार !

ऊर्जा मिलती है बहुत, पिएं गुनगुना नीर !
कब्ज खतम हो पेट की, मिट जाए हर पीर !

रक्तचाप बढने लगे, तब मत सोचो भाय !
सौगंध राम की खाइ के, तुरत छोड दो चाय !

भोजन करके खाइए, सौंफ, गुड, अजवान !
पत्थर भी पच जायगा, जानै सकल जहान !

भोजन करके जोहिए, केवल घंटा डेढ !
पानी इसके बाद पी, ये औषधि का पेड !

दर्द, घाव, फोडा, चुभन, सूजन, चोट पिराइ !
बीस मिनट चुंबक धरौ, पिरवा जाइ हेराइ !

अेल्यूमिनम के पात्र का, करता है जो उपयोग !
आमंत्रित करता सदा, वह अडतालीस रोग !

पानी में गुड डालिए, बीत जाए जब रात !
सुबह छानकर पीजिए, अच्छे हों हालात !

प्रातः काल पानी पिएं, घूंट-घूंट कर आप !
बस दो-तीन गिलास है, हर औषधि का बाप !

अगर नहावें गरम जल, तन-मन हो कमजोर !
नयन ज्योति कमजोर हो, शक्ति घटे चहुंओर !

अलसी, तिल, नारियल, घी सरसों का तेल !
यही खाइए नहीं तो, हार्ट समझिए फेल !

चोकर खाने से सदा, बढती तन की शक्ति !
गेहूँ मोटा पीसिए, दिल में बढे विरक्ति !

सत्तर रोगों को करे, चूना हमसे दूर !
दूर करे ये बाझपन, सुस्ती अपच हुजूर !

सितम, गर्म जल से कभी, करिये मत स्नान !
घट जाता है आत्मबल, नैनन को नुकसान !

पहला स्थान सेंधा नमक, पहाड़ी नमक सु जान !
श्वेत नमक है सागरी, ये है जहर समान !

ठंडा पानी पियो मत, करता क्रूर प्रहार !
करे हाजमे का सदा, ये तो बंटाढार !

**कृपया इस जानकारी को जरूर आगे बढ़ाएं..!**

# મોર્નીંગ વૉક કેવી રીતે કરશો?



ડાયાબીટીશ, થાયરોઈડ, વજન ઘટાડવું વગેરે બિમારીઓમાં એક ફેશન ચાલી રહી છે. જેમાં ડોકટરો દવાઓ સાથે મોર્નીંગ વૉક પણ પરેજીમાં આપવામાં આવે છે. આમ તો ચાલવું વ્યાજબી છે, પણ દર્દીઓને ચાલવાની રીતને ફેશન બનાવી દીધી તેથી દર્દમાં રાહત મળવાની બદલીમાં નવું દુઃખ ઉભુ થાય છે. મહદઅંશે ખુદ ડોકટરો પણ ચાલવા જાય છે, કારણ કે આ નિયમ તેઓને પણ લાગુ પડે છે. પણ તેઓ પણ ફેશનમાં ચાલે છે. જો યોગ્ય રીતે ચાલવાની કળા આવડી જાય તો કોઈપણ જાતની દવાઓ વગર ઘણા બધા રોગો દુર થાય તેમ છે. અને કોઈ નવા રોગ પણ ઉત્પન્ન થાય તેવી શકયતાઓ પણ નહી રહે. યોગ અભ્યાસ દ્વારા જોવા મળ્યું કે સાચી ચાલવાની રીત કેવી હોવી જોઈએ, તો નીચેના મુદ્દાઓ પર સમાજને ચાલવા અનુરોધ કરુ છું, અતિ સાદી રીતો છે, પણ ફાયદાઓ ખૂબ છે.

૧) ચાલવા સમયે કોઈ પણ જાતની વાતો કરવી નહિ.

૨) ચાલવા સમયે હળવાસનો અનુભવ કરવો જેથી મસલ્સ ટાઈટ ન થાય (મન અને શ્વાસ સાથે જોડાણ રાખવું)

૩) ચાલવાની સ્પીડ નોર્મલ હોવી. ઝડપ નહી, તેમજ પરસેવો પણ નહીં.

૪) શરીરની શકિત મુજબ ચાલવું, વિશેષ ચાલશો તો ધુંટણ ઘસાઈ જશે.

૫) ચાલવાનો સમય સવારના ૬ થી ૭ હોવો જોઈએ, મોડો નહીં.

૬) સવારના ભાગમાં ચાલવાથી શુદ્ધ પ્રાણવાયુનો સંચાર જોવા મળશે.

૭) રાત્રીના ચાલવાથી કોઈ ફાયદો નથી. અહી કોઈ ઓકસીજન કે પ્રાણવાયુ નહી મળે.

૮) ચાલવા સમયે ઘરની વાતો, ગામની વાતો વગેરે ખુબજ કરવામાંઆવેછે. તેનાથીરોગોમાંવધારોથશે.

૯) જેટલી શાંતિનો અનુભવ કરશો તે જ રોગની દવા છે.

૧૦) ચાલવાનું પુરુ થયા બાદ તમારી જાત સાથે ૫/૧૦ મીનીટ યોગમાં બેસશો.

૧૧) ચાલવાને ભક્તિ નો રૂપ આપી એક ડગલેને પગલે ભગવાનનું સ્મરણ કરતા જાઓ.

૧૨) કોઈપણ રોગ થવાનું એક માત્ર કારણઃ જમ્યા પછી પાણી પીવું ઝેર સમાન છે. (છાસ પણ નહી)

૧૩) જમ્યા પછી એક કલાક પછી પાણી પીવું અમૃત સમાન છે.

૧૪) જમ્યા પછી તુરત ગોળ ૨૫ ગ્રામ (દવા વગરનો) જેમાં ૧૦૦ ટકા ફોસ્ફરસ છે, જે ૪૫ મીનીટમાં ખાધેલું પાચન કરી દેશે.

૧૫) આ ગોળ એ જ કે લોહીમાં હેમોગ્લોબીન વધારશે (અન્ય કોઈ મોંઘી ગોળી તાત્કાલીક શકિત નહી આપે)

૧૬) આટલું કરશો તો ઘરે કદી ડોકટરો આવશે નહી. (વજન પણ ધીરે ધીરે ઘટવા લાગશે, નવું લોહી આવશે.)

૧૭) આ ઝડપી યુગમાં ફકત ૧૦ મીનીટ શાંતિથી ચાલશો અને ૫ મીનીટ રીધમ કરશો, તે મોટો યોગ બની જશે.

૧૮) કોઈપણ ઉંમરની વ્યકિત આ પ્રયોગ કરી શકશે, કોઈ નુકશાન નથી, મફતમાં ઘણો ફાયદો જોવા મળશે.

ખેતસી વી. મેઠીયા ૦૯૪૦૮૦૮૮૬૨૧
"સત્યમ"ક્રીષ્ણાનગર,
દેવ એપાર્ટમેન્ટ સામે, વેરાવળ.

# Diwali Dinner 2023



















# Sponsor's Appreciation Dinner 2024















































# આજની વિડંબણા

માણસ હવે માણસને મળતો નથી,

ને જો મળે તો, એ હવે હસતો નથી.

બેસી રહે છે 'ફેસબુક'ના જ ફળિયે,

કોઈ તમારા આંગણે જડતો નથી.

દેખાય છે એ 'ઓનલાઇનો' ઉપર,

એકલો પડે પણ એ સૂનો પડતો નથી.

રોજ મજા માણે છે 'સેલ્ફી' હાથે લઈ,

સ્વ સિવાય એ બીજાને ચાહી શકતો નથી.

મારી- તમારી સૌની છે આ સ્થિતિ,

માણસ હવે માણસને ઓળખતો નથી.

# ‘જ્યોત સે જ્યોત જલે’

- સ્ત્રીનું સમર્પણ અને પુરૂષનું કર્તવ્ય એ બેનો સરવાળો એટલે જ સંસાર.
- સમય અને સંપત્તિ પરમાર્થમાં વાપર્યા હોય તો જ કૃતાર્થ છે નહિં તો વ્યર્થ.
- પરમાર્થ ભાવે કરેલી પ્રવૃત્તિજ જીવન મુક્તિ માટેની સાચી નિવૃત્તિ છે.
- આંખમાં અમી હશે તો જ આપેલું દીપશે.
- સન્યાસી બની સ્વાર્થ સાધનાર કરતા સંસારી રહી માનવતા આચરનાર વધુ મોટો છે.
- જીવનની મિનીટે મિનીટનો સદ્ઉપયોગ કરી શકે તે જ મહાન બની શકે.
- ઉત્તમ વસ્તુ ઉપભોગ માટે નહિ, અન્યની સેવામાં સદ્ઉપયોગ કરવા માટે છે.
- માનવતાના ખોળે બેઠા પછી જગતની કોઈપણ પ્રકારની અશાંતિ આપણને લોપી શકતી નથી.
- રવિવારનો સેવાક્ષેત્રે કરેલો સદ્ઉપયોગ જ જીવનમાં કંઈક ભલીવાર લાવનારો નીવડશે.
- સ્ત્રી સુશિક્ષિત હશે તો જ સમાજ સંસ્કારી હશે.
- સ્નેહ વિનાનું સમર્પણ આપનાર કે લેનાર કોઈનેય શાંતિ આપતું નથી.
- જીવન કેમ જીવવુ એ જે સમજે એ જ સાચો વિદ્વાન છે..
- મૃત્યુ પાસે વિજ્ઞાન બિચારું છે.
- માતાપિતાની સેવા કરે તેણે પૃથ્વી પરના સમસ્ત તીર્થોની જાત્રા કર્યા સમાન છે.
- માણસ બ્લડગ્રુપ ચેક કરે છે. પરંતુ પોતાનો પૈસો કયા ગ્રુપનો છે તે ચેક કરતો નથી.
- હરામનો કે હાયનો પૈસો કદિ ઘરમાં ટકતો નથી. તે આપણને દુ:ખી કરે છે.

- નૈષધ દેરાશ્રી

Patel Law Group

PATEL LAW GROUP

www.patellegal.com

**Real Estate Transactions** **Immigration** **Business Transactions**
**Asset Protection** **Estate Planning & Administration**

**1125 Executive Circle, Ste 200, Irving, TX 75038**
**(972) 846-8843 info@patellegal.com**

SONNYHVAC.COM
SCAN ME
214 738 0260
Residential | Commercial
HVAC | Refrigeration
SONNYREENA LLC

# CMG COMPANIES

## FEATURED ON MAJOR PUBLICATIONS




## www.cmg.team

megh technologies

| 60+ | 1200+ | 500+ |
| --- | --- | --- |
| Professionals at your disposal | Projects Executed | Clients served from 12 Countries |

**Corporate Office**

911, Sanket Heights, Sun Pharma Road,
Old Padra Road, Vadodara, Gujarat,
India -390020

**Dubai Office**

Office number 106, 1st floor,
Sarah Building,
Garhoud, Dubai, U.A.E

www.MeghTechnologies.com

# Upcoming Events - 2024

## Ponk Party

- April 7th, 2024

## Picnic and Kite Festival

- April 20th, 2024

## Health Seminar

- May 18th, 2024

## FOGA USA Convention

- Aug 2-4th, 2024

## College Prep Counselling Seminar

- September, 2024

## Navaraatri Garba

- Sept. 29th, Oct. 5th/12th /13th , 2024

## Diwali Dinner

- Oct. 26th, 2024

## Health Seminar

- November, 2024

Tara energy®

# Karina Abdul

Business Development Manager

kabdul@taraenergy.com

C: 281-702-5700
F: 832-550-2998


HOUSTON
EB5
H1 / F1 / OPT / CPT / E-2 / L1 / TN / B1 / B2
CHANGE YOUR VISA STATUS TO
US Green Card
Through
Investment
PARDEEP KUMAR, CFA
MANAGING DIRECTOR - SOUTH ASIA
+1- 813 -361 -9122
pardeep.kumar@houstoneb5.com


GRAND CENTER
THE
GRAND CENTER
Where memories are created
Whether you're planning a wedding, a live concert, or a cultural extravaganza, the Grand Center is your ultimate destination for elegance and versatility. Discover the magic of flawless events at the Grand Center in Plano, Texas. The design of our auditoriums aim to provide an unparalleled and immersive experience for both the artist and the audience. Your extraordinary moments start here.
OUR SERVICES
• 2 Banquet Halls: 400 & 80 guests
• 2 Auditoriums: 650 & 150 seats
• Other spaces available 20,000 sqft
• Every event is to suit your needs
• Free Parking
CONTACT US
GAGAN BHALLA 469 878 1112
300 Chisholm Place, Plano, TX, 75075
GRAND CENTER FACEBOOK PAGE

NIRVANA
JEWELERS

NOW
OPEN

Where Mastery
Meets Opulneve.

5899 Preston Rd,
Suite 303 Frisco, TX
75034, USA

To book an appointment,
call us on +469-525-9538.


Gokul
ice cream, sweets & fresh snacks
121 S Central Expy, Richardson, TX 75080
Vadilal
ICE CREAM
Open All 7 days
Time: 12 noon to 10:00pm
Contact:
Akshay Patel / Anil Patel
Ph: (469) 248-2139
Email: NewGopal@yahoo.com
Serving Fresh Paan daily
We provide catering services
for Weddings, Parties, & Special Occasions
Initiative by:
Gopal Vegetarian Restaurant

# જાણવા જેવું

## માટીનાં માટલાનું વિજ્ઞાન

માટીમાં એવો કયો ગુણ છે કે તેમાં માત્ર પાણી ભેળવીને ઘડેલાં માટલાં, કોડી, કોડિયાં, તાવડી અને જાતજાતનાં રમકડા મજબૂત બને છે? સામાન્ય માટી અને પાણીનું મિશ્રણ એક અજાયબ ભૌતિક પ્રક્રિયા કરે છે. જો કે તેમાં માટીના વાસણ બનાવનારની આવડત અને સૂઝ મોટો ભાગ ભજવે છે. માટી એ સૂક્ષ્મ રજકણોની બનેલી છે, તે પાણીમાં પીગળતી નથી. પરંતુ દરેક કણની આસપાસ પાણીનું આવરણ રચાય છે. બે સૂક્ષ્મ કણોની વચ્ચે રહેલું પાણી પૃષ્ઠતાણ ઊભું કરે છે અને બંને કણોને એકબીજા સાથે જકડી રાખે છે. આમ માટીના દરેક કણ એકબીજા સાથે જકડાઈ જાય છે. વધુ પાણી ઉમેરીએ તો કાદવ બની તૂટી પડે એટલે કેટલી માટીમાં કેટલું પાણી નાખવું તે અનુભવ અને સૂઝનો વિષય છે.

હવે બે કણો વચ્ચે રહેલું પાણી સુકાય ત્યારે માટીના કણોમાં રહેલા ક્ષાર સ્ફટિક એટલે કે સખત કણો બની જાય છે. અને માટીના કણોને એકબીજા સાથે કાયમ જોડી રાખે છે. માટીનાં વાસણોને ઘડ્યા પછી ભઠ્ઠીમાં ખૂબ જ ગરમી આપી તપાવીને રીઢા બનાવાય છે. આમ માત્ર માટી, પાણી અને ગરમીથી જાત જાતના વાસણો બને છે.

## મધની મીઠાશનું રહસ્ય

હજારો મધમાખીઓ સેંકડો કિલોમીટરનો પ્રવાસ કરી જાતજાતનાં ફૂલોનો રસ ચૂસી લાવી મધપૂડામાં સંગ્રહ કરે છે. જુદાં-જુદાં ફૂલોના રસમાંથી મધપૂડામાં બનેલા મધનો સ્વાદ એક સરખો ગળ્યો હોય છે. ફૂલોના રસમાં સામાન્ય રીતે મીઠાશ તો હોય જ છે અને તેને કારણે જ ફળો પણ મીઠાં થાય છે.

આ મીઠાશ સુક્રોઝને આભારી છે, પરંતુ મધપૂડામાં પોતાના શરીરના એન્ઝાઈમ્સ પણ મેળવે છે.



મધપૂડામાં એકઠા થયેલા ફૂલોના રસમાં આ એન્ઝાઈમથી રાસાયણિક પ્રક્રિયા થાય છે અને તેમાં રહેલા સુક્રોઝમાંથી ફ્રુટકોઝ બનાવે છે.

સુક્રોઝ એ કુદરતી ખાંડ છે. જ્યારે ફ્રુટકોઝ એ સાદી અને ગળપણ ધરાવતી ખાંડ છે. ફળોમાં પણ ફ્રુટકોઝ હોય છે એટલે ગળ્યા લાગે છે.

## દરિયાઈ સફરનો રોમાંચ આપતું હોવર ક્રાફ્ટ

હોવર ક્રાફ્ટનું નામ સાંભળતાં જ દરિયાનાં પાણી ઉપર સાપની જેમ સરકતું જહાજ નજર સમક્ષ તરવરવા માંડે. રોમાંચ અને થ્રીલ આપતી હોવર ક્રાફ્ટની મુસાફરીને ૨૦૦૯ના વર્ષમાં પચાસ વર્ષ પૂરાં થયાં. આ પાંચ દાયકામાં દરિયાઈ સફર માટે હોવરક્રાફ્ટ સૌનું માનીતું વાહન બની ગયું. દસ, વીસ નહીં ને પચાસ વર્ષનો રોમાંચક પ્રવાસ કરાવતા હોવરક્રાફ્ટના ઇતિહાસ પર એક નજર દોડાવીએ તો..

બ્રિટિશ એન્જિનિયર ક્રિસ્ટોફર કોકેરેલને આ અદ્ભૂત વાહનની શોધનો યશ આપવો જ પડે. સાત વર્ષની અથાગ મહેનત પછી ક્રિસ્ટોફરે એસ.આર.એન.વન નામનું ચાર લોકો સફર કરી શકે તેવું હોવરક્રાફ્ટ બનાવ્યું. તેમની આ મહામૂલી શોધને પરિણામે બ્રિટિશ સરકારે ૧૯૬૯માં ક્રિસ્ટોફરને સરનો કિતાબ આપ્યો. ૧ જૂન, ૧૯૯૯ના રોજ બ્રિટનના હેમ્પશાયરમાં ૮૯ વર્ષની વયે ક્રિસ્ટોફર કોકેરેલનું અવસાન થયું.



હેમ્પશાયરમાં જ દુનિયાનું સૌથી મોટું હોવરક્રાફ્ટ મ્યુઝિયમ આવેલું છે. હોવરક્રાફ્ટ ફક્ત પાણી પર દોડે એવું નથી. તમને કદાચ ખબર હોય તો રેતી અને બરફ પર દોડતું હોવરક્રાફ્ટ પણ હોય છે. મિલિટરી ઓપરેશન્સ તેમજ બચાવ કામગીરી માટે પણ હોવરક્રાફ્ટ ખૂબ જ ઉપયોગી છે. આખે આખી કાર હોવર ક્રાફ્ટમાં ચડાવી લોકો દરિયાઈ સફર માણે છે. અહીં એસ.આર.એન.ફોર સહિત અન્ય ૬૦ હોવરક્રાફ્ટ રાખવામાં આવ્યાં છે.

HONEST®

McKinney

TW

TEXAS WHOLESALE

# THE DRIPBAR PLANO




## IV Vitamin and Hydration Therapy in Plano, TX


Universal Green Group
BEST WISHES TO GUJARATI SAMAJ
VARIETY OF BUSINESS EXPERIENCE FROM SOLAR INDUSTRY TO ELECTRIC VEHICLES TO REAL ESTATE PROJECTS, UNIVERSAL GREEN GROUP IS A VERSATILE COMPANY THAT IS PERFECT RECIPE FOR ANY SUCCESSFUL VENTURE.
UNIVERSAL Solar
GO GREEN, SAVE GREEN
UNIVERSAL EV Chargers
ELECTRIFYING NORTH AMERICA
UNIVERSAL Green Developers
EXPERIENCE THE DIFFERENCE
UNIVERSAL
UNIVERSAL EV
Call Now: 1-866-765-2795
info@universalgreengroup.com • www.universalgreengroup.com
305 W Spring Creek Pkwy, Suite 100 B, Plano, Texas 75023

# બાળવિભાગ

## સ્વામી દયાનંદ સરસ્વતી

### ૧૨ ફેબ્રુઆરી જન્મજયંતી વિશેષ



આર્યસમાજના સ્થાપક, વેદોના ઊંડા અભ્યાસી અગ્રણી સમાજસુધારક અને મહાન દેશભક્ત દયાનંદનો જન્મ શિવમાર્ગી ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારમાં તા. ૧૨ ફેબ્રુઆરી, ૧૮૨૪ના રોજ થયો હતો. તેમના પિતા કરસનજી લાલજી ત્રિવેદી જમીનદાર અને ધીરધાર કરનાર હતા. દયાનંદનું મૂળ નામ મૂળશંકર હતું. તેર વર્ષ સુધીમાં તેમણે સંસ્કૃત વ્યાકરણ તથા શબ્દરૂપાવલીનો અભ્યાસ કર્યો અને શુક્લ યજુર્વેદનો કેટલોક ભાગ કંઠસ્થ કરી લીધો. તેમની ૧૪ વર્ષની વયે મહાશિવરાત્રિના સમયે મંદિરમાં શિવલિંગ પર ઉંદરો દોડતા જોયા. ભગવાન પોતાના ઉપર દોડતા ઉંદરો દૂર કરી શક્તા નથી, તે જોઇને તેઓ ચિંતનમાં ડૂબી ગયા. ત્યાર બાદ નાની બહેન તથા કાકાના અવસાનથી તેમને જીવનની ક્ષણભંગુરતા સમજાઇ ગઈ.

ઈ. સ. ૧૮૪૬માં તેમણે ગૃહત્યાગ કરી, સાયલા ગામે લાલા ભગતના સ્થાનકમાં આજીવન બ્રહ્મચર્યવ્રત પાળવાનો સંકલ્પ કરી, શુદ્ધચૈતન્ય નામ ધારણ કર્યું. નર્મદા નદીના કિનારે ભ્રમણ કરતાં ચાંદોદ પાસે વિદ્વાન સાધુ પૂર્ણાનંદ સરસ્વતીથી પ્રભાવિત થયા, તેમની પાસે સંન્યસ્ત ગ્રહણ કરી, દયાનંદ સરસ્વતી નામ રાખ્યું. તેમણે હરદ્વાર, હૃષીકેશ, બદરીનારાયણ, કેદારનાથ, રુદ્રપ્રયાગ, જોશીમઠ વગેરે સ્થળે પ્રવાસ કર્યો. પોતાની ૩૬ વર્ષની વયે, ૧૮૬૦માં તેઓ મથુરામાં ૮૦ વર્ષના પ્રજ્ઞાચક્ષુ પ્રકાંડ પંડિત સ્વામી વિરજાનંદને મળ્યા. તેમની પાસે તેમણે ત્રણ વર્ષ રહીને પાણિનિકૃત અષ્ટાધ્યાયી તથા મહાભાષ્ય, નિરુક્ત નિઘંટુ અને અન્ય શાખાઓનો અભ્યાસ કર્યો. શિષ્યને વિદાય આપતી વખતે ગુરુએ આર્યાવ્રતમાં પ્રાચીન વિદ્યાની યશગાથા ગાવા, વેદો અને આર્યગ્રંથોનો પ્રચાર કરવા, વેદ ધર્મની પુનઃપ્રતિષ્ઠા કરવાનું વચન માગ્યું. દયાનંદે ગુરુનો આદેશ શિરોમાન્ય ગણ્યો.

ઈ. સ. ૧૮૬૫થી તેમના સેવામય જીવનની શરૂઆત થઈ. તેમણે ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને પંજાબમાં વધુ સમય રહીને તથા વખતોવખત બિહાર, ફાર, મધ્યપ્રદેશ તથા મુંબઈના પ્રવાસો કરીને વેદો પર આધારિત હિંદુ ધર્મ; લોકોને સમજાવ્યો. તેઓ મૂર્તિપૂજાનો વિરોધ કરતા અને વેદોમાં તેને સમર્થન આપતા આધારો નથી એમ જણાવતા. આ અંગે તેમણે વિવિધ સ્થળોએ પ્રસિદ્ધ પંડિતો સાથે વિવાદો કરીને વિજય મેળવ્યો. પોતાના વિચારોનો પ્રચાર અને અમલ થાય તે માટે તેમણે ઇ. સ. ૧૮૭૫માં મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરી. પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને ત્યારના મુંબઈ ઇલાકામાં તેમણે આર્યસમાજની સો જેટલી શાખાઓ તથા કેટલેક સ્થળે સંસ્કૃત પાઠશાળાઓ સ્થાપી. તેઓ વેદોના પ્રખર વિદ્વાન હતા. વેદોમાં ન હોય એવા, પાછળથી ધર્મમાં પ્રવેશેલા ક્રિયાકાંડોના તેઓ વિરોધી હતા. તેમણે મૂર્તિપૂજા, અવતારવાદ, મૃત્યુ પછીના ક્રિયાકાંડ, બહુદેવવાદ અને બાળલગ્નનો વિરોધ કર્યો. વ્યક્તિની ફરજ તરીકે તેમણે સમાજસેવાને મહત્ત્વ આપ્યું. સ્ત્રીઓ અને શૂદ્રો પણ ધર્મશાસ્ત્રો વાંચી શકે એમ જણાવ્યું. ભારતના ભવ્ય ભૂતકાલીન વારસાની લોકોને પ્રતિતિ કરાવી. તેમણે સ્ત્રીઓને સમાન દરજ્જો આપવાની તથા રાષ્ટ્રીય શિક્ષણની હિમાયત કરી. આર્યસમાજ તરફથી ધરતીકંપ, દુષ્કાળ કે રોગચાળા જેવી કુદરતી આપત્તિ વખતે માનવસેવાનાં કાર્યો કર્યાં. દયાનંદે સત્યાર્થ પ્રકાશ નામનો ગ્રંથ લખ્યો. તેમાં હિંદુઓને લગતી ધાર્મિક, સામાજિક અને રાજકીય બાબતો સમજાવવામાં આવી છે. અને આ ગ્રંથના ગુજરાતી સહિત ભારતની ઘણીખરી ભાષાઓ તથા અંગ્રેજી ભાષામાં અનુવાદો થયા છે. તેમણે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ પર ભાષ્યો સહિત સંસ્કૃત તથા હિન્દીમાં અનેક પુસ્તકો લખ્યાં. તેમાં સંસ્કૃત વ્યાકરણ, પ્રાર્થના, હિંદુઓના સોળ સંસ્કાર આદિનો સમાવેશ થાય છે. દયાનંદે ખ્રિસ્તી થયેલા હિન્દુઓનું શુદ્ધિકરણ કરી તેમને પોતાના ધર્મમાં પાછા લેવાની તથા અસ્પૃશ્યોના ઉદ્ધારની પ્રવૃત્તિ શરૂ કરી. તેઓ કુરિવાજોના વિરોધી હતા. તેમણે પરોપકારિણી સભાની સ્થાપના કરીને પોતાની બધી સંપત્તિ વેદોના પ્રચાર, વેદોના શિક્ષણ તથા નિર્ધનોને મદદ માટે તેને સોંપી દીધી. ઈ. સ. ૧૮૮૩માં, દૂધમાં વિષ આપી દ્વેષગ્રસ્ત વિરોધીઓએ તેમની હત્યા કરી.

TechRover

IoT • AI • Cloud • Mobile • Software

SBA WOSB Woman Owned Small Business

certified WBENC WOMEN'S BUSINESS ENTERPRISE

HUB

EDWOSB Certified Economically Disadvantaged Women-Owned Small Business

CERTIFIED NMSDC MBE 2021

www.techrover.us

# Niren Patel, CPA PLLC

Partner In Prosperity

1700 Alma Dr, Suite 200,
Plano, TX 75075
972 468 6111
niren@nirenpatelcpa.com

www.nirenpatelcpa.com

## Complimentary Travel Checklist

1. Decide where you want to go.
2. Call Travel King International.
3. Relax.

# We Make Travel Easy.

TRAVEL KING
INTERNATIONAL
EST. 1979

- ✓First & Business Class Travel
- ✓Custom Vacation Packages
- ✓Honeymoon Planning
- ✓Private Jet Charters & Memberships
- ✓Travel Insurance
- ✓Expedite Passports & Visas
- ✓Corporate Travel Programs
- ✓Travel Expense & Billing
- ✓Destination Weddings
- ✓Cruise Bookings
- ✓Group Tours
- ✓VIP Customs & Immigration

(972) 235-9500
Agent@FlyTravelKing.com
www.FlyTravelKing.com

*Always Travel Like A King.*

# મહાસાગરની મહાસત્તા ભારતીય નૌસેના

**સમગ્ર વિશ્વ જ્યારે સમુદ્રમાં તરખાટ મચાવી રહેલા ચાંચિયાઓથી ત્રાહિ...ત્રાહિ છે ત્યારે ભારતીય નૌસેના પોતાના રાહત અને બચાવકાર્યોથી વિશ્વભરનું ધ્યાન ખેંચી તેના ધ્યેયવાક્ય '' એટલે કે 'સમુદ્રના દેવતા અમારા પર કૃપા કરો'ને સાક્ષાત્કાર કરાવી રહી છે. ભારતીય નૌસેનાની ચાંચિયાઓ વિરુદ્ધની આક્રમક કાર્યવાહી બાદ વિશેષજ્ઞો ભારતને મહાસાગરની મહાસત્તા તરીકે સંબોધી રહ્યા છે. પ્રસ્તુત છે આ અંગે વિશેષ અહેવાલ...**

હિન્દ મહાસાગર બાદ ભારતીય નૌસેના હવે અરબસાગરમાં પણ મહાશક્તિની ભૂમિકા નિભાવવા તૈયાર હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં જ ભારતના યુદ્ધજહાજ INS સુમિત્રાએ એડનની ખાડીમાં સોમાલિયન સમુદ્રી લૂંટારાઓને જડબાતોડ જવાબ આપી ૧૯ પાકિસ્તાની નાગરિકો સહિત ઈરાની જહાજને બચાવ્યું હતું.

આ ઘટના કેરલના કોચિ તટથી ૮૦૦ માઈલ દૂર અરબ સાગરમાં થઈ. ભારતીય નૌસેના મુજબ ૨૮ જાન્યુઆરીના રોજ ઈરાની ધ્વજવાળા અલનઈમ નામના માછલી પકડનારા એક જહાજના અપહરણની જાણકારી મળી હતી ત્યાર બાદ ભારતીય યુદ્ધપોત INS સુમિત્રાએ સક્રિયતા બતાવી તત્કાળ મોરચો સંભાળ્યો હતો અને ૧૯ પાકિસ્તાનીઓને લઈ જઈ રહેલ આ જહાજને બચાવી લીધું હતું. ઉલ્લેખનીય છે કે, આ ઘટનાના થોડાક જ કલાક પહેલાં અરબ સાગરમાં ઈરાનના જ અન્ય એક જહાદ MV IMANનું પણ સમુદ્રી લૂંટારાઓ દ્વારા અપહરણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તેને પણ ભારતના જંગી જહાજ INS સુમિત્રાએ મોરચો સંભાળી જહાજ અને ચાલક દળ સહિત ૧૭ ઈરાની નાગરિકોને સુરક્ષિત રીતે બચાવી લીધા હતા.





ભારતીય સેનાએ એડનની ખાડીમાં સોમાલિયન સમુદ્રી લૂંટારાઓને જડબાતોડ જવાબ આપી ૧૯ પાક. નાગરિકો સહિત ઈરાની જહાજને બચાવ્યું

૧૭ જાન્યુઆરીના રોજ પણ આવી જ અન્ય એક ઘટનામાં એડનની ખાડીમાં "એમવી જેનેકો પિકાર્ડી' નામના બ્રિટિશ તેલ જહાજ પર હલી વિદ્રોહીઓ દ્વારા મિસાઈલ હુમલો કરવામાં આવતાં જહાજમાં આગ લાગી ગઈ હતી. આ જહાજ બ્રિટનની કંપની ઓસિયોનિક્સ સર્વિસેઝનું હતું, જેમાં ભારત અને બાંગ્લાદેશી વ્યક્તિઓ હતા. ભારતીય નૌસેનાને આ હુમલાની જાણકારી મળતાં જ ભારતીય નૌસેનાનાં અગ્નિશામક દળોએ છ કલાકના પ્રયાસો બાદ આગ પર કાબૂ મેળવી તમામ લોકોને બચાવી લીધા હતા.

ભારતીય નૌસેના લાલ સાગર અને અરબ સાગરમાં સમુદ્રમાં થઈ રહેલી ઘટનાઓ પર જે રીતે આક્રમક પ્રતિક્રિયાઓ આપી રહી છે, વિશ્વભરમાં વિશેષજ્ઞો તેના વખાણ કરી રહ્યા છે અને ભારતને સમુદ્રમાં નવી ઉદય પામતી મહાશક્તિ તરીકે જોઈ રહ્યા છે.

### ચીનની ટીકા - ભારતનાં વખાણ

વિશેષજ્ઞો કહી રહ્યા છે કે જે એડનની ખાડીમાં વિશ્વભરના માલવાહક જહાજો પર તે એડનની ખાડીમાં જ જિબતી પાસે પોતાને આગામી મહાસત્તા તરીકે જોતા ચીનનો પણ એક નૌસેનિક અહો છે, પરંતુ ચીન મદદ માટે આવતા કે આવા કોઈપણ પ્રકારના સંદેશાનો ન તો જવાબ આપે છે કે, ન તો અત્યાર સુધી ચાંચિયાઓના હુમલાથી કોઈ જહાજને બચાવવા આગળ આવ્યું છે. તેની સામે ભારતીય નૌસેના ત્વરિત કાર્યવાહી કરી મદદ પહોંચાડે છે તે વખાણવા લાયક છે.

યુરોપિયન ઇતિહાસકાર અને સંશોધક માર્ટીન સોરબ્ર ભારતીય નૌસેનાના આક્રમક વલણ પર ઓળઘોળ છે તે કહે છે કે, ભારતે સમુદ્રી સુરક્ષા મુદ્દે અગ્રેસરતા મેળવી લીધી છે. સમુદ્રમાં ભારત નામની નવી મહાશક્તિનો ઉદય થઈ રહ્યો છે. હવે આપણે ચીનની ચાપલૂસી કરવાનું બંધ કરવું જોઈએ. બ્રિટનના જાણીતા પત્રકાર માર્ક અર્બન પણ ભારતની આ આક્રમકતાને આકર્ષક ગણાવતાં કહે છે કે, એડનની ખાડી અને લાલ સાગરમાં સંકટના હાલના સમયમાં ચીન નહીં, બલકે ભારત વિશ્વ સાથે ઊભું રહ્યું છે. તેઓ આગળ કહે છે કે, ઉદય પામી રહેલી મહાસત્તાઓએ નોંધવું રહ્યું કે જે રીતે ભારત એડનની ખાડી અને લાલ સાગરના સંકટમાં

## અરબ સાગરમાં સમુદ્રી ચાંચિયાઓ અચાનક કેમ સક્રિય થયા?

એક સમયે અરબ સાગરમાં ચાંચિયાઓ આટલા મોટા પ્રમાણમાં સક્રિય ન હતા, પરંતુ મધ્યપૂર્વમાં જેમ જેમ આંતરિક સંઘર્ષ વધી રહ્યો છે તેમ ત્યાં ચરમપંથી સંગઠનની સંખ્યા પણ વધી રહી છે. આ લોકોને પોતાની આતંકી ગતિવિધિઓ ચલાવવા માટે પૈસાની જરૂર છે, માટે તેઓની નજર સમુદ્રમાર્ગે થઈ રહેલી વ્યાપારિક હેરફેર પર પડી છે. આ પ્રકારની ઘટનાઓને અંજામ આપવા નાનાં-નાનાં અત્યાધુનિક હથિયારોથી પણ કામ ચાલી જતું હોય છે. આ સંગઠનો યમન, સૂદાન અને મધ્યપૂર્વમાં ચાલી રહેલાં આંતરિક સંઘર્ષની ઊપજ છે. અહીંની સપ્લાય ચેનને નુકસાન પહોંચાડી અને વ્યાપારિક માર્ગો પર કબજો કરી આ લોકો વિશ્વને ઘૂંટણીયે પાડી પોતાનો આર્થિક સ્વાર્થ સાધવા માગે છે.

વિશ્વની મદદ કરી રહ્યું છે તેટલી મદદ ચીન કરી રહ્યું નથી.

